# વસો કેમ્પસ ખાતે વિદ્યાર્થી સંર્વાગીણ વિકાસ અર્થે "વ્યક્તિત્વ વિકાસ અને યોગાશન તાલીમ શિબિર" યોજાઇ

કૃષિ મહાવિદ્યાલય – વ- કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ. વસો ખાતે વિદ્યાર્થી સંઘ દ્વારા તારીખ ૦૬/૧૨/૨૦૨૨ થી ૦૯/૧૨/૨૦૨૨ દરમ્યાન વિદ્યાર્થીઓના સંર્વાગીણ વિકાસના ભાગરૂપે કૃષિ મહાવિદ્યાલય- વ- કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ. વસો દ્વારા રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશ્નરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર, જીલ્લા યુવા વિકાસ અધિકારી, નડીયાદ અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, નડીયાદના સહયોગથી "વ્યક્તિત્વ વિકાસ અને યોગતાલીમ શિબીર"નું આયોજન કરવામાં આવેલ હતું.

તા. ૦૬/૧૨/૨૦૨૨ના રોજ શ્રી નિખિલ જોશી, મદદનીશ પ્રાધ્યાપક, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા "વ્યક્તિત્વ વિકાસ" વિષય ઉપર વક્તવ્ય આપવામાં આવ્યું. જેમાં તેઓ દ્વારા વ્યક્તિત્વ વિકાસ કરવાના વિવિધ આયામોના ખૂબ જ સુંદર ઉદાહરણની સાથે વિવિધ પુસ્તકોના બોધપાઠ પરથી વિદ્યાર્થીઓ વધુ સારી રીતે પોતાનું વ્યક્તિત્વ નિખારી શકે તે અંગેનું માર્ગદશન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. પી. એસ પંચાલ દ્વારા કરવામાં આવ્યું.

તા. ૦૭ અને ૦૮/૧૨/૨૦૨૨ના રોજ શ્રી દુશ્યંત મોદી, યોગાચાર્ય, નિવૃત ડાયેરક્ટર, યોગ, એક્યુપ્રેશર, કુદરતી ઉપચાર, મ. સ. યુનિવર્સિટી, વડોદરા, યોગાચાર્ય નયનાબેન મોદી અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, નડીયાદના પ્રવિણાબેન દ્વારા અત્રેના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણને "બોડી એન્ડ માઈન્ડ: ફીટ એન્ડ ફાઈન" વિષયને અનુરૂપ સંગીત સાથે યોગના વિવિધ આસનોની પ્રાયોગિક રીતે તાલીમ આપવામાં આવી. તેમજ યુવાનોનું અસ્થિતંત્ર સુદ્રઢ રહે અને રોજબરોજના દૈનિક જીવનમાં વિવિધ શારિરીક સમસ્યાના નિવારવા અર્થે ખૂબ જ સુંદર યોગાસનની તાલીમ આપી. વધુમાં આંખની કાર્યક્ષમતા સુધારવા, પાચનતંત્ર અને ઉત્સર્ગતંત્રની કાર્યક્ષમતા સુધારવા વિવિધ યોગાસનોની સમજ આપી. આ કાર્યક્રમનું સંચાલન શ્રી બી. એ. જેઠવા દ્વારા કરવામાં આવ્યું.

તા. ૦૯/૧૨/૨૦૨૨ના રોજ શ્રી અક્ષય મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી નડીયાદ દ્રારા યુવા વિકાસ યોજનાઓ અંગેની સરકારશ્રીની આદર્શ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડૉ.વી.પી.રામાણીએ પ્રાસંગોચિત ઉદ્દ્બોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. હાજર રહેલા સર્વે મહેમાનો દ્વારા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને "વ્યક્તિત્વ વિકાસ અને યોગાશન શિબિર"ના પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. સી. બી. વર્માએ કર્યુ હતું. સદર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સહાયક સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**<u>કાર્યક્રમની ઝાંખી:</u>**








AAU
કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક આ.કૃ.યુ. વસો
તેમજ
કમિશનર શ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,
ગાંધીનગર અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, ખેડા (નડીઆદ)
દ્વારા આયોજીત
પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, નડિઆદ
ના સહયોગથી

